નં.જીઆઈડીસી/એએન્ડએમ/સીઆઈઆર/કોસ્ટ/

જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.

તા:૦૯-૦૫-૨૦૧૭

// પરિપત્ર //

નિગમે તારીખ:૨૯-૦૯-૨૦૧૬ ના રોજ મળેલ ૪૯૨ મી સભામાં, સાયખા (જુનેદ) ઔદ્યોગિક વસાહતમાં સ્થાપવામાં આવનાર એમ.એસ.એમ.ઈ.પાર્ક માટે રાજ્ય સરકારશ્રી તરફથી ભવિષ્યમાં મળનાર ૫૦% સુધીની અનુદાનની રકમને ધ્યાને લઈ, કામચલાઉ ફાળવણી દર રૂા.૧૩૯૦/- પ્રતિ ચો.મી.દીઠ નકકી કરવામાં આવેલ. જે હાલ અમલમાં છે.

સદર વસાહતમાં સ્થાપવામાં આવનાર **" મહીલા ઔદ્યોગિક પાર્ક "** ને પણ રાજ્ય સરકારશ્રી તરફથી ૫૦% સુધીની મળનાર અનુદાનની રકમ તથા ઈજનેરી શાખા તરફથી આપવામાં આવેલ વિકાસ ખર્ચને ધ્યાને લઈ **સાયખા(જુનેદ) મહીલા ઔદ્યોગિક પાર્કનો ફાળવણી દર કામચલાઉ ધોરણે રૂા.૧૩૯૦/- પ્રતિ ચો.મી.દીઠ નકકી કરવામાં આવે છે.**

જો ભવિષ્યમાં મળનાર ૫૦% અનુદાનમાં કોઈ વધઘટ થશે તો તેને અનુરૂપ ફાળવણી દરમાં ફેરફાર કરવામાં આવશે. આ ઉપરાંત લેન્ડ રેફરન્સ કેસો પરત્વે ઉભી થનાર નાણાંકીય જવાબદારીનો ફાળવણી દરમાં સમાવેશ થતો નથી. માટે નામ. કોર્ટના હુકમ અન્વયે જે નાણાંકીય જવાબદારીની રકમ આખરી થાય, તે રકમ તથા ફાળવણી દરમાં થયેલ ફેરફારના તફાવતની રકમ ફાળવણીદારો પાસેથી નિગમના નીતિ નિયમ મુજબ અલગથી વસૂલ કરવાની રહેશે.

ઉપરોકત વસૂલ કરવા અંગેની બન્ને બાબતોનો ફાળવણી પત્ર અને કરારખત / લીઝડીડમાં અચૂક ઉલ્લેખ કરવાનો રહેશે. જે બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી

જીઆઈડીસી,ગાંધીનગર.

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ........

રવાના કર્યુ.

મેનેજર(મહેકમ)

જીઆઈડીસી,ગાંધીનગર.